Vol. 8, Issue: 12, Dec.: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

# નારીજીવન

પાંડવ હિનાબહેન પ્રવિણભાઈ

**સારાંશ**

નારીજીવનની સમસ્યાઓ વિશે  જો વાત કરવા બેસીએ તો અંત લાવવો મુશ્કેલ છે , કારણ કે નારીનું જીવન અનેક સંકટોથી ભરેલ છે.  છતા પણ નારી દરેક ક્ષેત્રે આગળ વધતી રહે છે . તે પરિવાર અને સંતાનોને સાચવે છે , ઘર સંભાળે છે. છતા પણ એ 'ઘરે બેસી રહે છે' ,' કામ કરતી નથી' એવા પડકારો સાંભળે છે .નારીજીવન પર પ્રકાશ પાડીએ .

**ચાવીરુપ શબ્દો:** પુરુષ સમોવડી, ત્યાગની મૂર્તિ

## ૧. પ્રસ્તાવના

નારીના જીવનની ભૂમિકા સ્થળ - સંજોગો અનુસાર  સતત બદલાતી રહે છે .નારીજીવન પર અનેક લેખકોએ પ્રકાશ પાડવાના પ્રયાસો કર્યા છે. માનવી એક સામાજિક પ્રાણી છે .નારી એ મનુષ્યજીવનનું  મહત્વનું અંગ છે .આપણી માતા કે પત્ની જ્યારે બે દિવસ માટે બહાર જાય છે તો પણ આપણે ઘરને સારી રીતે સંભાળી શકતા નથી.તો ચાલો આપણે નારી જીવનની કરુણ - મધુર જીવન પર દ્રષ્ટિપાત કરીએ.

## ૨. પુરુષ સમોવડી

નારીને લોકો હંમેશા સાવ સામાન્ય  દ્રષ્ટિબિંદુથી જુએ છે .હકીકતમાં તો સ્ત્રી પુરુષની સમોવડી જ નહિ, પરંતુ  પુરુષથી પણ  વિશેષ છે. કહેવાયું છે કે જ્યારે પુરુષની બુદ્દિધ કામ કરવાનું બંધ કરે છે ત્યારે સ્ત્રીની બુદ્દિધ કામે લાગે છે .એવી કેટલીય નારીઓ છે જેને ઉત્તમ કાર્યોની સુગંધ ચારેય દિશામાં ફેલાવી છે .સતી સાવિત્રી યમરાજા પાસેથી પોતાના પતિના પ્રાણ પાછા લાવે છે . ગાંધારી પોતાના  પતિને  અંધ છે એવું જાણી , પોતે આંખે પાટા બાંધી લે છે. અરૂણિમાના પગ કપાયા છતાય પોતાના લક્ષ્ય સુધી પહોંચી ઈતિહાસ રચી દે છે. સીતામાતા પોતાના પતિ સાથે વનવાસ ભોગવે છે. આવા તો અનેક દાખલા ઈતિહાસના  પાને લખાય ગયા છે.આવા બલિદાનો ફક્ત એક સ્ત્રી જ આપી શકે છે.

## ૩. ત્યાગની મૂર્તિ

એક સ્ત્રીના જીવનમાં કેટલાંય રોલ હોય છે , તે દીકરી ,માતા , બહેન ,પત્ની, ભાભી ,પુત્રવધૂની ભૂમિકા પણ સારી રીતે નિભાવી જાણે છે .નારી   પિયર અને સાસરીપક્ષને કુનેહપૂર્વક જોડવાની  સાંકળ છે. બહેન પોતાના ભાઈભાંડુ માટે પોતાનો અભ્યાસ પણ છોડી શકે છે. તે પિતાનું ઘર છોડી પારકા ઘરને પોતાનું બનાવે છે .સ્ત્રી  પોતાના પતિ - બાળકો પરિવાર માટે  સૂવાનું કે જમવાનું પણ ભૂલી જાય છે.આથી જ સ્ત્રીને ' ત્યાગની મૂર્તિ ' કહેવામાં આવે છે .આવો ત્યાગ તો ફક્ત માતા , દીકરી, બહેન  કે પત્ની જ કરી શકે છે. રાવણ સીતામાતાને સોનાની લંકાની પટરાણી બનાવવા માગતો હતો , પરંતુ સીતામાતાએ રામની પત્ની હોવાનો જે ધર્મ નિભાવ્યો તેને લોકો આજેય ભૂલ્યાં નથી.

### ૪. પત્ની કે વહુ તરીકે નારી

દીકરી મોટી થઈ સાસરે જાય છે. તે પોતાના પિતાનું ઘર છોડી પતિના ઘરને પોતાનું કરે છે .એ સાસરીપક્ષમાં જઈ પોતાની જાતને તે ઘરની પરંપરા -રીતિરિવાજો કે ઘરની પરિસ્થિતિ અનુસાર જીવન જીવતા શીખી જાય છે. ઘરની રુઢિ - પરંપરા પ્રમાણે પોતાની જાતને ઢાળવાનો પ્રયત્ન સતત કરતી રહે છે.પરિવારની આવક જોઈને ખર્ચ કરવાનું પણ તે ઝડપથી શીખી લે છે.સ્ત્રી પોતાના સ્વપ્ન - ઈચ્છાઓ ભૂલી પતિના સ્વપ્ન સેવે છે.પરિવારના સભ્યોનો નિરંતર ખ્યાલ રાખે છે .આખા ઘરનો ભારતીય સ્ત્રી ઉપર જ હોય છે.મકાનને ઘર અને ઘરને મંદિર બનાવનાર નારી જ હોય છે.

નારી ઘરકામમાંથી પરવારી પતિના કામમાં પણ મદદરૂપ બને છે .એ ઘર પણ ચલાવી શકે છે , તો ઑફિસ પણ સંભાળી શકે છે. સ્ત્રી પોતાના સંતાનોને ભણાવી ગણાવી આગળ લાવવાનો પ્રયાસ કરે છે.

### ૫. સ્ત્રીજીવન વિશે વિવિધ મંતવ્ય - પુસ્તકો

નારીજીવનને કેન્દ્રમાં રાખી અનેક લેખો લખાય છે, તો વિવિધ અભિપ્રાયો પણ અપાયા છે.નારી લેખિકા ઈલા આરબ મહેતા ' બત્રીસ પૂતળીની વેદના ' નામની કૃતિમાં નારીજીવનની કરુણતા ભારોભાર વર્ણવાય છે . જેમા નારીને પતિ માટે , પરિવાર માટે વેઠવી પડતી હાડમારી દેખાઈ છે.હિન્દી લેખિકા મહાદેવી વર્માએ ' મેં નીર ભરી દુઃખ કી બદલી 'કાવ્યમાં પોતાના જીવનની વિડંબના નિરૂપી છે.તો વળી ઈશ્વર પેટલીકરે માતાનું સાચું રુપ નિરુપવા માટે અમરતકાકીને મંગુની જેમ ગાંડી બનાવે છે. તો પણ કેટલાક નારીને સાવ સામાન્ય રીતે વગોવે છે કે ' નારી એ તો નરકની ખાણ છે'. કોઈ કે નારીજીવનની કરુણતા વ્યક્ત કરતા કહ્યું છે કે ,

"અબલા જીવન હાય ,તુમ્હારી યહી કહાની ,
આંચલમેં હે દુધ ઔર આંખોમેં પાની "

### ૬. ઉપસંહાર

સતત વિકાસશીલ દેશ સાથે પગલા ભરતી નારીએ દરેક ક્ષેત્રમાં પ્રગતિના સોપાનો સર કર્યા છે આથી સ્ત્રીજીવનને સામાન્ય ના ગણતા ઉચ્ચ કક્ષાએ બેસાડી શકીએ એવું એનું જીવન હોય છે. આથી જ આપણે કહી શકીએ કે ,

" નારી નરકનું દ્વાર નહિ ,
પણ નારી તો સ્વર્ગની સીડી છે ".

### સંદર્ભસૂચી

૧. મહેતા, ઈલા આરબ બત્રીસ પૂતળીની વેદના
૨. દ્વિવેદી, મણિલાલ નારી પ્રતિષ્ઠા